## MSUની ફેશન ઈન્સ્ટિટ્યૂટ ફેકલ્ટીના ૧૦ વિદ્યાર્થીઓનો સરવે પ્રોજેક્ટ

# શહેરના ૫૪ ફેશન સ્ટોર્સનો સરવે કરી ઑનલાઈન ડિરેક્ટરી બનાવી

### ફેશન બ્રાન્ડસ્ અને સ્ટોર્સને પ્રમોટ કરવા સોશિયલ મીડિયા પેજ અને બ્લૉગ બનાવ્યા

**સંદેશ**

MSUના ફેશન ઈન્સ્ટિટયૂટના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ફેશન રિટેઈલિંગ એન્ડ મર્ચન્ડાઈઝિંગના ૧૦ વિદ્યાર્થીઓએ લોકલ ફોર વોકલને વેગ આપવાના ભાગરુપે અનોખી પહેલ કરી છે. તેમણે સ્થાનિક બ્રાન્ડસ્ અને પ્રોડક્ટ્સનું વેચાણ કરતાં ફેશન સ્ટોર્સને ઓનલાઈન પ્રમોટ કરવા ઈન્સ્ટાગ્રામ પેજ બનાવ્યું છે.

જે વિશે પ્રોજેક્ટ ગાઈડ ડૉ.રિના ભાટિયાએ કહ્યું હતું કે, અમારા ૧૦ વિદ્યાર્થીઓએ શહેરના ૫૪ નાનાં-મોટાં ફેશન સ્ટોર્સનો સરવે કર્યો હતો. જેને પૂર્ણ કરતાં તેમને એક મહિનાનો સમય લાગ્યો હતો. જેમાં વર્ષો જુની પરંપરાગત કપડાંની દુકાનો અને આધુનિક ફેશન સ્ટોર્સમાં ઉપયોગમાં લેવાતી માર્કેટિંગ પદ્ધતિઓમાં શું તફાવત છે, તેનો અભ્યાસ કરાયો હતો.

આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ઈન્સ્ટાગ્રામ પર શહેરના વિવિધ સ્થાનિક ફેશન સ્ટોર્સ અને બ્રાન્ડ્સ વિશે લોકોને માહિતગાર કરવાનો છે. અમે આ તમામ ફેશન સ્ટોર્સના સરનામા, તેમના ત્યાં મળતી વેરાયટી અને ફોટો સહિતની ડિટેઈલ્સ સમાવી એક ઓનલાઈન ડિરેક્ટરી બનાવી છે. જેનાથી વડોદરાના ફેશન સ્ટોર્સ વિશેની માહિતિ એક જ ક્લિક પર મેળવી શકાશે. આ પ્રોજેક્ટ થકી વિદ્યાર્થીઓએ એવાં લોકોનો પણ સર્વે કર્યો છે, જેઓ પોતાના સ્ટોર્સને સોશિયલ મીડીયા પર પ્રમોટ કરવા માગે છે.

તે સિવાય સ્થાનિક વેપારીઓને એક નવું માર્કેટિંગ પ્લેટફોર્મ પણ મળી રહેશે. વિદ્યાર્થીઓએ ઈન્સ્ટાગ્રામ પર વ્યક્તિગત બ્લોગ બનાવ્યો છે. જેને 'ફેશન નિર્દેશિકા'નામ આપવામાં આવ્યું છે.



ફેશન સ્ટોર્સનો સર્વે કરનાર વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તસવીરમાં નજરે પડે છે.

### વિદ્યાર્થીઓએ ૬ કેટેગરીમાં ફેશન સ્ટોર્સનો અભ્યાસ કર્યો

પ્રોજેક્ટના કો-ગાઈડ નિકિતા પરમારે કહ્યું હતું કે, ૨૦૨૧-૨૨ની બેચના વિદ્યાર્થીઓએ ઉત્પાદન, કિંમત શ્રેણી, ગુણવત્તા, માર્કેટિંગ સ્ટ્રેટેજી, સેલિંગ પોઇંટ વગેરે બાબતોના ડેટા એકઠાં કરવા ફેબ્રિક, સરફેસ ઓર્નામેન્ટેશન, રેડી ટુ વેઅર ગારમેન્ટ, એસેસરીઝ, ફુટવેર અને હેન્ડીક્રાફ્ટેડ પ્રોડક્ટસ્ એમ ૬ કેટેગરીમાં ફેશન સ્ટોર્સનો સરવે કર્યો હતો.